सत्यमेव जयते

ગુજરાત વિધાનસભા સચિવાલય

# ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૪ના બીજા અધિવેશન (ઓગસ્ટ–સપ્ટેમ્બર)માં થયેલા કામકાજનો

# ટૂંકો અહેવાલ

*

અમદાવાદ.
શાસન મધ્યસ્થ મુદ્રણાલય,
૧૯૬૪

# પ્રસ્તાવના

આ પ્રકાશનમાં ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૪ના બીજા અધિવેશન (ઓગસ્ટ-સપ્ટેમ્બર) માં થયેલા કામકાજની જુદીજુદી બાબતો ઉપર સ્પષ્ટીકરણ આપતી ટૂંકી નોંધો આપેલી છે. શક્ય હોય ત્યાં આમાંની કેટલીક બાબતો અંગે આંકડાવાર માહિતી પણ આપી છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
નવી સિવિલ હોસ્પિટલ,
અમદાવાદ--૧૬ તા. ૧૬મી ઓક્ટોબર, ૧૯૬૪.

ઇ. ભ. શુક્લ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

## અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પાનું ક્રમાંક |
| --- | --- | --- |
| ૧ | ૨ | ૩ |
| ૧. | ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૪ના બીજા અધિવેશન (ઓગસ્ટ-સપ્ટેમ્બર)માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ ... ... ... ... | ૧ |
| ૨. | પત્રક ક્રમાંક--૧. સન ૧૯૬૪ના બીજા અધિવેશન દરમિયાન ગુજરાત વિધાનસભામાં રોજેરોજ થયેલા કામકાજનો સારાંશ ... ... ... | ૯ |
| ૩. | પત્રક ક્રમાંક--૨. જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની નિમણૂંક ... | ૨૬ |
| ૪. | પત્રક ક્રમાંક--૩. અધ્યક્ષશ્રીએ નીમેલી પ્રમુખોની પેનલ ... ... | ૨૬ |
| ૫. | પત્રક ક્રમાંક--૪. જુદી જુદી સંસ્થાઓ ઉપર સભ્યોની ચૂંટણી ... ... | ૨૭ |
| ૬. | પત્રક--ક્રમાંક--૫. સરકારી વિધેયકો. ... ... ... ... | ૨૮ |
| ૭. | પત્રક ક્રમાંક--૬. રજૂઆત માટેના બિન-સરકારી વિધેયકો ... ... | ૩૪ |
| ૮. | પત્રક ક્રમાંક--૭. પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન--સરકારી વિધેયકો ... ... ... ... | ૩૬ |
| ૯. | પત્રક ક્રમાંક--૮. સન ૧૯૬૪--૬૫ના વર્ષ માટેની પૂરક માગણીઓ ... | ૩૭ |
| ૧૦ | પત્રક ક્રમાંક--૯. સન ૧૯૬૪--૬૫ના વર્ષ માટેની પૂરક માગણીઓ પર કાપ દરખાસ્તો. ... ... ... ... | ૩૮ |
| ૧૧. | પત્રક ક્રમાંક--૧૦. તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ | ૩૯ |
| ૧૨. | પત્રક ક્રમાંક-૧૧. તારાંકિત પ્રશ્નોની ખાતાવાર માહિતી (આંકડામાં) | ૪૦ |
| ૧૩. | પત્રક ક્રમાંક-૧૨. અતારાંકિત પ્રશ્નોની ખાતાવાર માહિતી (આંકડામાં) | ૪ |
| ૧૪. | પત્રક ક્રમાંક-૧૩ પ્રશ્નોના જવાબો ઉપરથી ઉપસ્થિત થતી બાબતો પર અર્ધા કલાકની ચર્ચા ઉભી કરવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૩ અન્વયે મળેલ સૂચનાઓ. ... ... ... ... | ૪૨ |
| ૧૫. | પત્રક--ક્રમાંક-૧૪. બિન-સરકારી સંભકલ્પો. ... ... ... | ૪૨ |
| ૧૬. | પત્રક ક્રમાંક-૧૫ સભા મોકુફીના પ્રસ્તાવો. ... ... | ૪૩ |
| ૧૭. | પત્રક ક્રમાંક-૧૬. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૦ (ટૂંક સમય ચર્ચા) હેઠળની સૂચનાઓ. | ૪૪ |
| ૧૮. | પત્રક ક્રમાંક-૧૭. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૪ (ધ્યાન ખેંચવા બાબત) હેઠળની સૂચનાઓ. | ૪૬ |
| ૧૯. | પત્રક ક્રમાંક-૧૮. વિભાજન | ૪૮ |

## ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૪ના બીજા અધિવેશન (ઓગસ્ટ–સપ્ટેમ્બર) માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

### પ્રારંભિક

ગુજરાત વિધાનસભાનું સન ૧૯૬૪નું બીજુ અધિવેશન સોમવાર, તા. ૨૪મી ઓગસ્ટ, ૧૯૬૪ના રોજ વિધાનસભાગૃહ, અમદાવાદમાં શરૂ થયું હતું અને શુક્રવાર, તા. ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૬૪ના રોજ સમાપ્ત થયું હતું. આ અધિવેશનમાં વિધાનસભા કુલ ૨૧ દિવસ મળી હતી અને તેમાં એક દિવસ બે બેઠકો થઈ હતી એટલે અધિવેશન દરમિયાન કુલ ૨૨ બેઠકો થઈ હતી. અધિવેશન દરમિયાન વિધાનસભાએ કુલ ૮૬ કલાક અને ૮ મિનિટ કામ કર્યું હતું.

### હાજરી

અધિવેશન દરમ્યાન એક દિવસે વધારેમાં વધારે હાજરી ૧૨૭ હતી અને ઓછામાં ઓછી હાજરી ૧૧૬ હતી. સરેરાશ હાજરી ૧૨૨ હતી.

### રોજેરોજના કામકાજનો સારાંશ

વિધાનસભાએ રોજેરોજ કરેલા કામકાજનો સાંરાશ પત્રક ક્રમાંક --૧ માં આપ્યો છે.

### વિધાનસભાની જુદી જુદી સમિતિઓ વગેરે ઉપર સભ્યોની નિમણૂક

અધિવેશન દરમિયાન અધ્યક્ષશ્રીએ અરજી સમિતિની નિમણૂક કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક--૨ ).

અધ્યક્ષશ્રીએ અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ગેરહાજરીમાં કામ કરવા માટે પ્રમુખોની પેનલની પણ નિમણૂક કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક--૩).

### જુદી જુદી સંસ્થાઓ ઉપર સભ્યોની ચૂંટણી

અધિવેશન દરમિયાન નીચેની સંસ્થાઓમાં ખાલી પડેલી જગ્યા ઉપર સભ્યોને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા:—

૧. વેસ્ટર્ન રેલ્વેની ટાઈમટેબલ કમિટી.

૨. રાજ્ય પોર્ટ એડવાઈઝરી બોર્ડ.
(જુઓ પત્રક ક્રમાંક-૪).

### અધ્યાદેશ

તા. ૨૫મી ઓગસ્ટ, ૧૯૬૪ના રોજ સન ૧૯૬૪નો મુંબઈ ભળી ગયેલા પ્રદેશો અને વિસ્તારો (જાગીર નાબુદી) (ગુજરાત સંશોધન) અધ્યાદેશ (સન ૧૯૬૪નો અધ્યાદેશ ક્રમાંક--૧ ) વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યો હતો.

### સરકારી વિધેયકો

અધિવેશન માટે કાર્યાવલીમાં ૧૮ વિધેયકો બતાવવામાં આવ્યા હતાં જેમાંથી ૧૪ વિધેયકો પસાર થયાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક-૫)

## બિન સરકારી વિધેયકો

### (૧) રજૂઆત માટેનાં વિધેયકો

અધિવેશન દરમિયાન ૭ બિન સરકારી વિધેયકોની સૂચના મળી હતી જેમાંથી ૫ વિધેયકો રજૂ કરવામાં આવ્યાં હતાં અને ૨ વિધેયકો પ્રભારી સભ્યો હાજર ન હોવાથી રજૂ થઈ શકયાં નહોતાં. (જુઓ પત્રક ક્રમાંક--૬ ).

### (૨) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં વિધેયકો

પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે બે વિધેયકો કાર્યાવલીમાં બતાવવામાં આવ્યાં હતાં. જેમાંથી એક વિધેયક ગૃહની મંજૂરીથી પાછું ખેંચી લેવામાં આવ્યું હતું. અને એક વિધેયક પ્રભારી સભ્ય હાજર ન હોવાથી રજૂ થયું ન હતું. (જુઓ પત્રક ક્રમાંક--૭. ).

## નાણાકીય કામકાજ

સન ૧૯૬૪--૬૫ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક, માનનીય નાયબ નાણાં મંત્રીશ્રીએ તા. ૨૮મી ઓગસ્ટ, ૧૯૬૪ના રોજ સભાગૃહમાં રજૂ કર્યું હતું. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન તા. ૭મી અને તા. ૮મી સપ્ટેમ્બર, ૧૯૬૪ના રોજ કરવામાં આવ્યાં હતા. કુલ ૨૨ પૂરક માગણીઓ ગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. જેમાંથી ૧૦ પૂરક માગણીઓ ઉપર ચર્ચા કરવામાં આવી હતી. બધી પૂરક માગણીઓ સભાગૃહે મંજૂર કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક--૮ ).

પૂરક માગણીઓ ઉપર કુલ ૭ કાપ દરખાસ્તોની સૂચનાઓ આવી હતી જે બધી અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. દાખલ કરવામાં આવેલી કાપ દરખાસ્તોમાંથી ૪ કાપદરખાસ્તો રજૂ કરવામાં આવી હતી જે બધી મત માટે મૂકાતાં નામંજૂર કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક--૯ )

તા. ૨૮મી ઓગસ્ટ, ૧૯૬૪ સુધી આકસ્મિક ખર્ચ નિધિમાંથી મંજૂર થયેલ પેશગીઓ જેના માટે સન ૧૯૬૪--૬૫ના ખર્ચના પૂરક પત્રકમાં કોઈ પૂરક માગણી સામેલ કરી નથી, તેવી પેશગીઓ દર્શાવતું વિવરણ પત્રક માનનીય નાણા મંત્રીશ્રીએ તા. ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૬૪ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકયું હતું.

## તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નો

૧૧૫૨ તારાંકિત પ્રશ્નોની, ૧૩૧ અતારાંકિત પ્રશ્નોની તથા ૩૬ ટૂંકી મુદતના પ્રશ્નોની સૂચનાઓ મળી હતી. આ પ્રશ્નોની સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો હતો તે અને પ્રશ્નોની ખાતાવાર માહિતી આ સાથેના પત્રકો ક્રમાંક ૧૦,૧૧ અને ૧૨માં આપવામાં આવી છે.

## અર્ધા કલાકની ચર્ચા

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૩ અન્વયે સભાગૃહમાં પ્રશ્નોના અપાયેલા ઉત્તરોમાંથી ઉભી થતી જાહેર અગત્યની બાબત ઉપર અર્ધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની ૨ સૂચનાઓ મળી હતી, જેમાંથી ૧ સૂચના દાખલ કરવામાં આવી હતી. (વધુ વિગતો માટે જુઓ પત્રક ક્રમાંક--૧૩ ).

## બિન-સરકારી સંકલ્પો

અગાઉ નક્કી કરવામાં આવેલ સભાઓની તારીખવાર યાદી પ્રમાણે તા. ૨૮મી ઓગસ્ટ, અને તા. ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૬૪ એમ બે દિવસે બિન-સરકારી સંકલ્પોની ચર્ચા માટે નક્કી કરવામાં આવ્યા હતા. પરંતુ પાછળથી તેમાં કેટલાક ફેરફાર કરવાથી આખરે તા. ૨૭મી ઓગસ્ટ, ૧૯૬૪ અને તા. ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૬૪ એમ બે દિવસોએ બિન-સરકારી સંકલ્પો ચર્ચા માટે લેવામાં આવ્યા હતા. આ બે દિવસો પૈકી પ્રથમ દિવસે એટલે કે તા. ૨૭મી ઓગસ્ટ, ૧૯૬૪ના રોજ, ગયા અધિવેશનમાં બેલેટમાં અગ્રતા પામેલા પરંતુ જેની ચર્ચા મુલતવી રાખવામાં આવેલી તેવા બિન-સરકારી સંકલ્પોની ચર્ચા થઈ હતી.

બિન-સરકારી સંકલ્પોની બધી મળીને કુલ ૧૬૨ સૂચનાઓ આવી હતી જેમાંની ૧૩૦ સૂચનાઓ માનનીય અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. દાખલ કરવામાં આવેલા સંકલ્પોની વિગતો નીચે પ્રમાણે છે :—

| | |
|---|---|
| (૧) રજૂ કરવામાં આવેલા પરંતુ ચર્ચાને અંતે પાછા ખેંચી લીધેલા સંકલ્પો (બીજા ૨૨ સંકલ્પો આવા જ હતા.) | ૩ |
| (૨) રજૂ કરવામાં આવેલા પરંતુ સભાગૃહે અસ્વીકાર કર્યો હોય તેવા સંકલ્પો | ૧ |
| (૩) રજૂ ન થયેલા સંકલ્પોની સંખ્યા (બીજા ૫ સંકલ્પો આવા જ હતા) | ૧ |
| (૪) સૂચના રદ થઈ હોય તેવા સંકલ્પોની સંખ્યા (જૂઓ પત્રક ક્રમાંક--૧૪) | ૯૬ |

### ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૫૨ અન્વયેના પ્રસ્તાવો

(૧) વિ. સ. સ. શ્રી બ્રહ્મકુમાર ભટ્ટ તરફથી નીચે મુજબના પ્રસ્તાવની સૂચના મળી હતી:—

"આ રાજ્યમાં શાળાઓમાં અંગ્રેજીનું શિક્ષણ પાર્લામેન્ટ કાયદો કરીને નિયમિત કરે તે ઈચ્છનીય છે ;

અને આ બાબતમાં કાયદો કરવાની પાર્લામેન્ટને કોઈ સત્તા નથી ;

એટલે સંવિધાનના અનુચ્છેદ ૨૫૨ના ખંડ (૧) અન્વયે આ સભાગૃહ ઠરાવે છે કે પાર્લામેન્ટે કાયદો કરીને આ રાજ્યમાં શાળાઓમાં અંગ્રેજીનું શિક્ષણ નિયમિત કરવું."

(WHEREAS it is desirable that the teaching of English in schools should be regulated in this State by Parliament by law;

AND WHEREAS Parliament has no power to make law with respect to this matter;

NOW, THEREFORE, in pursuance of clause (*1*) of Article 252 of the Constitution, this Assembly hereby resolves that the teaching of English in schools be regulated in this State by Parliament by law).

(૨) વિ. સ. સ. શ્રી છબીલદાસ મહેતા તરફથી નીચે મુજબના પ્રસ્તાવની સૂચના મળી હતી:—

"આ રાજ્યમાં અંગ્રેજીનું શિક્ષણ આપવા અંગેની સરકારની અત્યારની નીતિ ભાવિ પેઢીઓ માટે અત્યંત હાનિકારક છે ;

અને આ રાજ્યમાં અંગ્રેજીનું શિક્ષણ પાર્લામેન્ટ કાયદો કરીને નિયમિત કરે તે ઈચ્છનીય છે;

અને આ બાબતમાં કાયદો કરવાની પાર્લામેન્ટને કોઈ સત્તા નથી;

એટલે સંવિધાનના અનુચ્છેદ ૨૫૨ના ખંડ (૧) અન્વયે આ સભાગૃહ ઠરાવે છે કે પાર્લામેન્ટે કાયદો કરીને આ રાજ્યમાં અંગ્રેજીના શિક્ષણને નિયમિત કરવું."

(WHEREAS the present policy of the State Government regarding the teaching of English in this State is extremely harmful to the future generations in the State;

AND WHEREAS it is desirable that the teaching of English should be regulated in this State by Parliament by law;

AND WHEREAS Parliament has no power to make law with respect to this matter;

NOW, THEREFORE, in pursuance of clause (*1*) of Article 252 of the Constitution, this Assembly hereby resolves that the teaching of English be regulated in this State by Parliament by law).

ઉપરોકત બે પ્રસ્તાવોમાંથી શ્રી બ્રહ્મકુમાર ભટ્ટનો પ્રસ્તાવ તા. ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૬૪ ના રોજ સભાગૃહ સમક્ષ રજુ કરવામાં આવ્યો હતો અને સભાગૃહે તેનો અસ્વીકાર કર્યો હતો.

### ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૪ હેઠળની (અવિશ્વાસની દરખાસ્ત અંગેની) સૂચના

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૪ અન્વયેની સરકારમાં અવિશ્વાસ દર્શાવતી ૧ સૂચના આવી હતી જે દાખલ કરવામાં આવી હતી. આ દરખાસ્ત અંગે સભાગૃહમાં ચર્ચા કરવા માટે તા. ૨૫મી ઓગસ્ટ, ૧૯૬૪ના રોજ વિરોધ પક્ષના માનનીય નેતા શ્રી ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલે અનુમતિ માગી હતી. દરખાસ્તને ચર્ચા કરવા માટે સભાગૃહે અનુમતિ આપતાં તા, ૧,૨ અને ૩જી સપ્ટેમ્બર, ૧૯૬૪ના રોજ કુલ અઢી દિવસ તેના ઉપર ચર્ચા થઈ હતી. ચર્ચામાં કુલ ૪૫ સભ્યોએ (મંત્રીશ્રીઓ સિવાય) ભાગ લીધો હતો. ચર્ચાને છેલ્લે દિવસે એટલે કે તા. ૩જી સપ્ટેમ્બર, ૧૯૬૪ના રોજ ચર્ચા પૂરી થતાં મત લેવાતાં તે દરખાસ્ત ૩૦ વિરૂધ્ધ ૯૮ મતે ઉડી ગઈ હતી.

### સભા મોકૂફીના પ્રસ્તાવો

સત્ર દરમિયાન સભા મોકૂફીના પ્રસ્તાવોની કુલ ૬ સૂચનાઓ આવી હતી. તેમાં અમદાવાદમાં તા. ૫મી ઓગસ્ટ, ૧૯૬૪ના રોજ થયેલા બનાવો અંગેના પ્રસ્તાવોની ચાર અલગ અલગ સૂચનાઓ હતી. જેને માનનીય અધ્યક્ષશ્રીએ સંમતિ આપી હતી, પરંતુ તે અંગે સરકાર તરફથી એક તપાસપંચ નિમવાની સભાગૃહમાં જાહેરાત થતાં આ પ્રસ્તાવો લઈ શકાયા ન હતા. (જુઓ પત્રક ક્રમાંક--૧૫)

### ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૦ (ટૂંક સમયની ચર્ચા) હેઠળની સૂચનાઓ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૦ હેઠળ ટૂંક સમયની ચર્ચા ઉભી કરવા માટે કુલ ૩૨ સૂચનાઓ આવી હતી. તેમાંથી ૧૪ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. આવેલી સૂચનાઓમાંથી એક નિયમ ૯૪ (ધ્યાન ખેંચવા બાબત) હેઠળ દાખલ કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક--૧૬).

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૪ (ધ્યાન ખેંચવા બાબત) હેઠળની સૂચનાઓ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૪ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબતો પર ધ્યાન ખેંચવા બાબતની કુલ ૩૩ સૂચનાઓ આવી હતી. તેમાંથી કુલ ૧૫ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. એક સૂચના જે નિયમ ૯૦ (ટૂંક સમયની ચર્ચા) હેઠળ આવી હતી તે નિયમ ૯૪ (ધ્યાન ખેંચવા બાબત) હેઠળ દાખલ કરવામાં આવી હતી. આમ નિયમ ૯૪ હેઠળ લાગતા વળગતા મંત્રીશ્રીઓએ કુલ ૯ નિવેદનો સભાગૃહમાં કર્યા હતાં. (જુઓ પત્રક ક્રમાંક—૧૭)

## બીજા પ્રસ્તાવો

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૫૫ હેઠળ બે પ્રસ્તાવોની સૂચનાઓ આવી હતી જેમાંની એક લાગતા વળગતા સભ્યે પાછી ખેંચી લીધી હતી અને બીજી માનનીય અધ્યક્ષશ્રીએ નામંજૂર કરી હતી.

## નિયમ ૪૫ હેઠળ મંત્રીશ્રીઓના નિવેદનો

સત્ર દરમિયાન ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૪૫ અન્વયે મંત્રીશ્રીઓ તરફથી નીચે મુજબનાં નિવેદનો કરવામાં આવ્યાં હતાં :—

(૧) તા. ૫-૮-૧૯૬૪ના રોજ અમદાવાદમાં પોલીસે કરેલ ગોળીબાર અંગે તપાસ પંચ નિમવાનો સરકારનો નિર્ણય જાહેર કરતું ગૃહ ખાતાના માનનીય મંત્રીશ્રીનું નિવેદન (તા. ૨૫ મી ઓગસ્ટ, ૧૯૬૪)

(૨) પારડીની ઘાસિયા જમીન ભૂમિહીન ખેડૂતો અને સહકારી ખેત મંડળોને આપવા બાબતનું ખેતીવાડી ખાતાના માનનીય મંત્રીશ્રીનું નિવેદન (તા. ૧ લી સપ્ટેમ્બર, ૧૯૬૪).

(૩) મગફળીના તેલની નિકાસ બંધી અંગેના હુકમ નવા પાકને લાગુ નહિ પાડવાની જાહેરાત કરતું નાગરિક પૂરવઠા ખાતાના માનનીય મંત્રીશ્રીનું નિવેદન (તા. ૭ મી સપ્ટેમ્બર, ૧૯૬૪).

(૪) ધર્માદા સંસ્થાઓના મકાનોના ભાડામાં પચાસ ટકા વધારો કરવાની છૂટ આપતા હુકમો પાછા ખેંચી લેવાની જાહેરાત કરતું વસવાટ ખાતાના માનનીય મંત્રીશ્રીનું નિવેદન (તા. ૮ મી સપ્ટેમ્બર, ૧૯૬૪.)

(૫) સરકારી ઇસ્પિતાલોના રેસીડેન્ટ ડોકટરો વિ. ના પગાર ધોરણો સુધારવા બાબતનું આરોગ્ય ખાતાના માનનીય મંત્રીશ્રીનું નિવેદન (તા. ૨૧ મી સપ્ટેમ્બર, ૧૯૬૪).

## સમિતિઓની બેઠકો

અધિવેશન દરમિયાન નીચેની સમિતિઓની બેઠકો થઈ હતી :—

(૧) કામકાજ સલાહકાર સમિતિ.
(૨) બિન સરકારી સભ્યોના વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિ.
(૩) અંદાજ સમિતિ.
(૪) જાહેર હિસાબ સમિતિ.
(૫) સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિ.
(૬) સરકારે આપેલી ખાતરીઓ પરની સમિતિ.
(૭) નિયમો માટેની સમિતિ.
(૮) ગ્રંથાલય સમિતિ.
(૯) સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ.

## વિધાનસભામાં રજૂ થયેલા ચર્ચાયેલા અહેવાલો

આ અધિવેશન દરમ્યાન નીચે જણાવેલા અહેવાલો વગેરે વિધાનસભામાં રજૂ થયા હતા અથવા ચર્ચાયા હતા

| અનુક્રમાંક<br>૧ | અહેવાલ<br>૨ | રજૂ થયાની તારીખ<br>૩ | ચર્ચાયાની તારીખ<br>૪ |
|---|---|---|---|
| ૧. | કામકાજ સલાહકાર સમિતિના અહેવાલો | (૧) ૨૫--૮--૬૪<br>(૨) ૩--૯--૬૪<br>(૩) ૧૮--૯--૬૪<br>(૪) ૨૩--૯--૬૪ | ...<br>...<br>...<br>... |
| ૨. | બિન-સરકારી સભ્યોનાં વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિના અહેવાલો. | (૧) સત્તરમો અહેવાલ ૨૭--૮--૬૪<br>(૨) અઢારમો અહેવાલ ૧૪--૯--૬૪ | ...<br>... |
| ૩. | વિશેષાધિકાર સમિતિનો પાંચમો અને છઠ્ઠો અહેવાલ. | ૨૮--૮--૬૪ | ૮--૯--૬૪ |
| ૪. | ગુજરાત રાજ્ય નાણાંકીય કોર્પોરેશનનો સન૧૯૬૩--૬૪નો (ચોથો) વાર્ષિક અહેવાલ. | ૨૫--૮--૬૪ | ૨૫--૯--૬૪ |
| ૫. | ગુજરાત રાજ્ય સેવા કમિશનના સન૧૯૬૧--૬૨ અને સન ૧૯૬૨--૬૩ના અહેવાલો અને કમિશનની સલાહ જે કિસ્સાઓમાં સ્વીકારવામાં આવી ન હતી તે કિસ્સાઓમાં તે ન સ્વીકારવા માટેનાં કારણો દર્શાવતી યાદી. | ૧--૯--૬૪ | ૪--૯--૬૪ |
| ૬. | ભાવનગર પબ્લીક ડેરીનો સન ૧૯૬૨--૬૩નો અહેવાલ અને હિસાબ. | ૨૫--૮--૬૪ | ૩--૯--૬૪ |
| ૭. | ગુજરાત વિદ્યુત મંડળનો સન ૧૯૬૨--૬૩નો પ્રશાસકીય અહેવાલ. | ૪--૯--૬૪ | ... |
| ૮. | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનનો સન ૧૯૬૨--૬૩નો વહીવટી અહેવાલ. | ૭--૯--૬૪ | ... |
| ૯. | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનના સન ૧૯૬૨--૬૩ના વાર્ષિક હિસાબો અને તે પરનો ઓડિટ અહેવાલ. | ૭--૯--૬૪ | ... |
| ૧૦. | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનના સન ૧૯૬૩--૬૪ના સુધારેલા અંદાજ અને સન ૧૯૬૪--૬૫ના અંદાજ. | ૭--૯--૬૪ | ... |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૧. | સન ૧૯૬૩--૬૪ના વર્ષ દરમિયાન રાજ્યના એકત્રિત ભંડોળમાંથી સરકારે આપેલી બાંહેધરીઓ અંગે ખર્ચ દર્શાવતું પત્રક. | ૨૫-- ૮--૬૪ | ... |
| ૧૨. | તા. ૨૯-૨-૬૪ થી ૧૫-૮-૬૪ સુધીમાં ગુજરાત સરકારે આપેલી બાંહેધરીઓની વિગત દર્શાવતું પત્રક. | ૧૬-- ૯--૬૪ | ... |
| ૧૩. | ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશનનો સન ૧૯૬૩--૬૪નો વાર્ષિક અહેવાલ. | ૨૩-- ૯--૬૪ | ... |
| ૧૪. | મુંબઈ ગૃહ—નિર્માણ મંડળનો તા. ૧-૪-૧૯૫૯થી ૩૧--૩--૧૯૬૦ સુધીનો ઓડિટ અહેવાલ. | ૨૫-- ૯--૬૪ | ... |
| ૧૫. | સન ૧૯૬૧--૬૨ના હિસાબો અને હિસાબ તપાસણી અહેવાલ સહિત ગુજરાત ગૃહનિર્માણ મંડળનો સન ૧૯૬૧-૬૨નો વહીવટી અહેવાલ. | ૨૫-- ૯--૬૪ | ... |
| ૧૬. | ગુજરાત ગૃહ—નિર્માણ મંડળનો સન ૧૯૬૨-૬૩નો વહીવટી અહેવાલ. | ૨૫--૯ --૬૪ | ... |
| ૧૭. | ગુજરાત ગૃહ—નિર્માણ મંડળનો સન ૧૯૬૩-૬૪નો વહીવટી અહેવાલ. | ૨૫-- ૯--૬૪ | ... |
| ૧૮. | ગુજરાત ગૃહ—નિર્માણ મંડળનું સન ૧૯૬૪-૬૫નું અંદાજ પત્રક, ગૃહ—નિર્માણ કાર્યક્રમ અને કર્મચારીઓનું વિવરણ પત્રક. | ૨૫-- ૮--૬૪ | ... |
| ૧૯. | ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ કોર્પોરેશનનો સન ૧૯૬૨--૬૩ અને સન ૧૯૬૩--૬૪નો વાર્ષિક અહેવાલ. | ૨૫-- ૯--૬૪ | ... |
| ૨૦. | ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૧૯૬૩--૬૪નો વાર્ષિક અહેવાલ. | ૨૫-- ૯--૬૪ | ... |
| ૨૧. | ગુજરાત કામદાર કલ્યાણ મંડળનો સન ૧૯૬૨--૬૩નો (ત્રીજો) વાર્ષિક અહેવાલ. | ... | ૨૬--૮--૬૪ |
| ૨૨. | ગુજરાત રાજ્ય વેર હાઉસીંગ કોર્પોરેશનનો સન ૧૯૬૦--૬૧ અને સન ૧૯૬૧--૬૨ના હિસાબો અને તે પરના ઓડિટરના અહેવાલ સહિતનો સન ૧૯૬૦--૬૧ અને ૧૯૬૧-૬૨ નો વાર્ષિક અહેવાલ. | ... | ૨૬--૮--૬૪ |
| ૨૩. | ગુજરાત વિદ્યુત મંડળનું સન ૧૯૬૪-૬૫નું વાર્ષિક નાણાંકીય વિવરણ પત્રક (અંદાજ) | ... | ૧૮-- ૯--૬૪ |
| ૨૪. | અંદાજ સમિતિનો સાતમો અહેવાલ. | ૭-- ૯--૬૪ | ૧૮-- ૯--૬૪ |
| ૨૫. | અંદાજ સમિતિનો આઠમો અહેવાલ. | ૭-- ૯--૬૪ | ૧૮-- ૯--૬૪ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૬. | સન ૧૯૬૨--૬૩ માટેના ગુજરાત સરકારના નાણાંકીય અને વિનિયોગ હિસાબો તેમજ તે પરનો સન ૧૯૬૪નો ઓડિટ રીપોર્ટ. | ૨૫-- ૮--૬૪ | ... |
| ૨૭. | જાહેર હિસાબ સમિતિના ચોથા અહેવાલ પર ચર્ચા વખતે સરકાર તરફથી અપાયેલી ખાત્રી અનુસાર ગુજરાત રાજ્ય હસ્તકના વાણિજ્યિક સંસ્થાઓના શેરોનું અને તે ઉપર મેળવેલ ડિવિડન્ડની રકમનું ૧-૫-૬૦ થી ૩૧-૩-૬૪ સુધીનું વિવરણ પત્રક. | ૧૪-- ૯--૬૪ | ... |
| ૨૮. | સરકારે આપેલ ખાતરીઓ પરની સમિતિનો છઠ્ઠો અહેવાલ. | ૮-- ૯--૬૪ | ... |
| ૨૯. | સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો સન ૧૯૬૪નો બીજો અહેવાલ. | ૨૫-- ૯--૬૪ | ... |

## શોકદર્શક ઉલ્લેખ

અધિવેશનના પહેલા દિવસે ભારતના વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂ અને અગાઉની મુંબઈ વિધાન પરિષદના સભ્ય શ્રી ચતુરભાઈ ન. પટેલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. અને તેઓને સ્મરણાંજલિ અર્પ્યા બાદ સદગત વડા પ્રધાનનાશ્રી જવાહરલાલ નહેરૂના માનમાં સભાગૃહ કંઈપણ કામકાજ કર્યા સિવાય ઉઠી ગયું હતું.

## વિભાજન

અધિવેશન દરમિયાન કુલ દસ વખત વિભાજનની માગણી કરવામાં આવી હતી (જુઓ પત્રક ક્રમાંક ૧૮).

## સભાત્યાગ

(૧) તા. ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૬૪ના રોજ વિધાનસભાના સ્વતંત્ર સભ્ય શ્રી રણજીતરાય ગં. શાસ્ત્રીએ સન ૧૯૬૩ના ગુજરાત નગરપાલિકા વિધેયક (સન ૧૯૬૩ના ૮૪મા) પરની કલમવાર ચર્ચા દરમ્યાન સભાત્યાગ કર્યો હતો.

(૨) તા. ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૬૪ના રોજ સન ૧૯૬૩ના જમીન સંપાદન (ગુજરાત એકીકરણ અને સંશોધન) વિધેયક (સન ૧૯૬૩નું ૧૩મું) ના પહેલાં વાંચન બાદ વિરોધ પક્ષના બધા સભ્યોએ સભાત્યાગ કર્યો હતો.

## વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા પ્રેક્ષકો

| | | |
|---|---|---|
| ૧. | ૫૬ શાળાઓ તેમજ સંસ્થાઓમાંથી વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા પ્રેક્ષકોની સંખ્યા. | ૩૯૧૬ |
| ૨. | સંસ્થા તરફથી આવેલા પ્રેક્ષકો સિવાય પ્રેક્ષકદીર્ઘાના પ્રેક્ષકોની સંખ્યા. | ૬૧૧૦ |
| ૩. | અધ્યક્ષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકોની સંખ્યા. | ૧૪૩૦ |
| ૪. | અતિથિ વિશેષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો. | ૧૩૫ |
| | કુલ પ્રેક્ષકોની સંખ્યા | ૧૧૫૯૧ |

### પત્રક ક્રમાંક—૧

### સન ૧૯૬૪ના દ્વિતીય અધિવેશન દરમિયાન ગુજરાત વિધાનસભામાં રોજેરોજ થયેલા કામકાજનો સારાંશ

### સોમવાર ૨૪મી ઓગસ્ટ, ૧૯૬૪.

ભારતના માજી વડાપ્રધાન, સ્વર્ગસ્થ શ્રી જવાહરલાલ નહેરૂ તથા મુંબઇ વિધાન પરિષદના માજી સભ્ય, સ્વર્ગસ્થ શ્રી ચતુરભાઇ ના. પટેલના અવસાનો અંગે શોકદર્શક ઉલ્લેખો થયા અને તેઓને સ્મરણાંજલિ આપવામાં આવી. ત્યારબાદ સદ્દગત વડાપ્રધાન શ્રી નહેરૂના માનમાં કાંઇપણ કામકાજ કર્યા સિવાય સભા મુલતવી રહી.

### મંગળવાર, ૨૫મી ઓગસ્ટ, ૧૯૬૪

૧. અધ્યક્ષશ્રીએ પ્રમુખોની નામસૂચિ ઉપર ચાર સભ્યોની નિમણૂક કરી.

૨. પહેલી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૫૫૧૧, ૫૪૩૦, ૬૪૨૩, ૬૭૩૯, ૭૧૬૭, ૭૩૨૭, ૩૦૪૯, ૬૭૫૮, ૭૨૫૬, ૬૯૧૫, ૭૦૨૩, ૭૩૧૨, ૬૯૧૯, ૭૪૩૪ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૬૪૫૩, ૭૧૭૨, ૭૩૩૨, ૭૩૮૫, અને ૭૫૩૩ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૬૯૧૮નો અંશતઃ જવાબ આપવામાં આવ્યો અને તે મુલત્વી રાખવામાં આવ્યો.

૩. વિ. સ. સ., શ્રી મનુભાઇ હ. પાલખીવાલાને હિન્દ સંરક્ષણ નિયમોના નિયમ ૩૦ના પેટા નિયમો (૧) અને (૪) હેઠળ તા. ૭મી ઓગસ્ટ, ૧૯૬૪ના રોજ અટકાયતમાં લેવામાં આવ્યા હતા તે અંગેની જાણ સભાગૃહને કરવામાં આવી.

૪. સચિવશ્રીએ જે ૭ વિધેયકોને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી હતી તેમજ જે ૫ વિધેયકોને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી હતી તેના શીર્ષકો વાંચી સંભળાવ્યા.

૫. વિ. સ. સ., શ્રી છબીલદાસ પ્રા. મહેતાએ, મંત્રીશ્રીઓ, સભાગૃહમાં ફાઇલો જુએ છે તે યોગ્ય છે કે કેમ અને જેનો નિર્ણય ગત વિધાનસભાની બેઠક દરમિયાન માંગ્યો હતો તે અંગેનો પોઇન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો. પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર થયો.

૬. વિરોધ પક્ષના નેતા, શ્રી ભાઇલાલભાઇ દ્યા. પટેલને હાલના મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યકત કરતી દરખાસ્ત રજૂ કરવા માટે ગૃહની પરવાનગી મળી.

૭. ગૃહ મંત્રી, શ્રી હિતેન્દ્ર દેસાઇએ તા. ૫મી અને ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૬૪ના રોજ અમદાવાદમાં થયેલ હડતાળ, તોફાનો વિ. અંગે તપાસ પંચ નિમવાની જાહેરાત કરી.

૮. મહેસૂલ મંત્રીશ્રીએ સન ૧૯૬૪નો અધ્યાદેશ ક્રમાંક-૧ સભાગૃહના મેજ ઉપર મૂકયો.

૯. મહેસૂલ મંત્રીશ્રીએ ભાવનગર પબ્લિક ડેરીનો સન ૧૯૬૨-૬૩નો અહેવાલ અને હિસાબ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

૧૦. મુખ્ય મંત્રીશ્રીએ સન ૧૯૬૨-૬૩ના ગુજરાત સરકારના નાણાકીય અને વિનિયોગ હિસાબો તેમજ તે પરનો સન ૧૯૬૪નો ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

૧૧. મુખ્ય મંત્રીશ્રીએ સન ૧૯૬૩-૬૪ના વર્ષ દરમિયાન રાજ્યના એકત્રિત ભંડોળમાંથી સરકારે આપેલી બાંહેધરીઓ અંગે થયેલ ખર્ચ દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂકયું.

૧૨. મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાત રાજ્ય નાણાકીય કોર્પોરેશનનો સન ૧૯૬૩-૬૪નો (ચોથો) વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકયો.

૧૩. ગૃહ નિર્માણ મંત્રીશ્રીએ ગુજરાત ગૃહ નિર્માણ મંડળનું સન ૧૯૬૪-૬૫નું અંદાજ-પત્રક, ગૃહ નિર્માણ કાર્યક્રમ અને કર્મચારીઓનું વિવરણપત્રક સભાગૃહના મેજ ઉપર મૂકયા.

૧૪. નીચે જણાવેલા સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યા.—

૧. સન ૧૯૬૪નું દાવાની કિંમત નક્કી કરવા બાબતનું (ગુજરાત વ્યાપન અને સંશોધન) વિધેયક (સન ૧૯૬૪નું ૫મું).

૨. સન ૧૯૬૪નું મુંબઈ જુગાર રમવાની મના કરવા બાબતનું (ગુજરાત સંશોધન) વિધેયક (સન ૧૯૬૪નું ૮મું).

૩. સન ૧૯૬૪નું ગુજરાત સહકારી મંડળી (સંશોધન) વિધેયક (સન ૧૯૬૪નું ૧૨મું).

બુધવાર, ૨૬મી ઓગસ્ટ, ૧૯૬૪.

૧. બીજી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૦૯૭, ૧૩૨૭, ૨૯૬૩, ૪૧૪૩, ૪૩૨, ૫૫૮૫, ૩૫૮૪, ૧૯૧૪, ૪૬૯૪, ૪૫૨૦, ૬૦૮૬, ૬૪૭૦, (છેલ્લા બાર સાથે), ૬૯૩૮, ૭૧૮૮, ૭૨૨૬, ૭૩૮૩, ૬૮૨૫, ૫૧૧૭, ૫૫૧૮, ૫૩૨૨, ૫૩૫૩ (છેલ્લા બે સાથે), ૭૩૪૫, ૭૬૪૫, ૫૯૫૬, ૫૦૩૫, ૬૯૨૧, ૭૧૦૩, ૭૧૧૬, અને ૭૩૫૮ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોનો પ્રશ્ન ક્રમાંક ૪૫૬૫ અતારાંકિત ગણવામાં આવ્યો.

૨. અધ્યક્ષશ્રીએ અરજી સમિતિ ઉપર પાંચ સભ્યોની નિમણૂક કરી.

૩. ગ્રામ વિકાસ ખાતાના મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત રાજ્ય વેર હાઉસીંગ કોર્પોરેશનનું સન ૧૯૬૦-૬૧ અને ૧૯૬૧-૬૨નું કામકાજ વિચારણામાં લેવામાં આવે

વિ. સ. સ., યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા, મહારાજકુમાર શ્રી શિવભદ્રસિંહજી કૃ. ગોહિલ તેમજ શ્રી છબીલદાસ પ્રા. મહેતાએ અનુક્રમે એવા પોઈન્ટ ઓફઓર્ડરો રજૂ કર્યા કે સદરહુ અહેવાલ સાથે ઓડિટ રિપોર્ટ યોગ્ય રીતે મુકાયો નથી, અધિકૃત અંગ્રેજી અહેવાલ મળ્યો નથી અને ગત વિધાનસભામાં આ સંબંધમાં ઉઠાવેલા પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુલત્વી રાખવામાં આવેલો અધ્યક્ષશ્રીનો નિર્ણય જાહેર કરવામાં આવે. મંત્રીશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો જવાબ આપ્યો. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે અંગ્રેજી અહેવાલ માટે ચર્ચા મુલત્વી રાખવી જરૂરી નથી અને તેમણે મુલત્વી રાખેલો નિર્ણય આપ્યો અને જણાવ્યું કે આ અહેવાલ સભાગૃહ સમક્ષ મૂકવામાં મોડું થયું છે. ત્યારબાદ કામકાજ પરની સામાન્ય ચર્ચા શરૂ થઈ અને પૂ ી થઈ.

૪. મજૂર મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત કામદાર મંડળનું સન ૧૯૬૨-૬૩નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. કામકાજ પરની ચર્ચા શરૂ થઈ અને પૂરી થઈ.

ગુરૂવાર, ૨૭મી ઓગસ્ટ, ૧૯૬૪.

૧. પહેલી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. પશ્ચિમ રેલ્વે ટાઇમ ટેબલ સમિતિ પર ચૂંટણીની તારીખથી બે વર્ષ કરતાં વધારે ન હોય તેટલી અથવા સદરહુ સમિતિની જે તારીખે ફરીથી રચના કરવામાં આવે ત્યાં સુધીની બેમાંથી

જે મુદત વહેલી પૂરી થતી હોય તે મુદત માટે કામ કરવા માટે એક મહિલા પ્રતિનિધિ ચૂંટવાની દરખાસ્ત જાહેર બાંધકામ મંત્રીશ્રીએ રજૂ કરી અને તે માન્ય થઇ. અધ્યક્ષશ્રીએ ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો.

૩. જાહેર બાંધકામ મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ, રાજ્યની બંદર સલાહકાર સમિતિ પર તા. ૧-૧૦ ૧૯૬૪થી બે વર્ષની મુદત માટે કામ કરવા માટે, એક પ્રતિનિધિની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે. પ્રસ્તાવ મંજૂર થયો અને અધ્યક્ષશ્રીએ ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

૪. વિ. સ. સ., શ્રીમતી મદીનાબેન અ. નાગોરીએ સંકલ્પ રજૂ કર્યો કે રાજ્યમાં અનેક શહેરો અને ગ્રામ વિસ્તારોમાં દરગાહો અને મંદિરોમાં ધાર્મિક દાનો કરવા માટે પેટીઓ અને તિજોરીઓ મૂકવામાં આવે છે. આ પેટીઓમાં યાત્રાએ આવતા યાત્રિકો રોકડ નાણું, સોના, ચાંદીની જણસો દાન તરીકે અથવા ભેટ તરીકે મૂકે છે. આ દરગાહો અને મંદિરોના વહીવટ કરનારાઓ ચેરિટી કમિશનર પાસે આવી રકમ ખરેખરી રજૂ કરે અને આવી રીતે અપાયેલા નાણાંનો દુરુપયોગ ન થાય તે હેતુથી જે દરગાહો અને મંદિરો ચેરિટિ કમિશનર પાસે રજિસ્ટર્ડ હોય તે પરની પેટીઓ ચેરિટી કમિશ્નરે નિયુકત કરેલી વ્યકિતની હાજરીમાંજ સીલ કરવામાં આવે એવો પ્રબંધ કરવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે ચર્ચા બાદ સંકલ્પની તરફેણમાં ૮૯ અને વિરૂધ્ધમાં ૨૦ મતો પડતા સંકલ્પ પાછો ખેંચી લેવાયો.

૫. વિ. સ. સ., શ્રી મંગુભાઇ મા. પટેલે સંકલ્પ રજૂ કર્યો કે આધુનિક ચિકિત્સા પધ્ધતિ રાજ્યની પ્રજાને ઘણી મોંઘી પડતી જાય છે અને તે પધ્ધતિથી રાજ્યની ગ્રામ પ્રજાને રાહત મળી શકતી નથી કારણકે અંગ્રેજી ડોકટરો પુરતા પ્રમાણમાં ગ્રામ વિસ્તારોમાં જતાં નથી પ્રજાનો મોટો ભાગ આયુર્વેદ ચિકિત્સા પધ્ધતિમાં માને છે અને તેનો આશરો લે છે. આ પરિસ્થિતિમાં રાજ્યના પ્રત્યેક જિલ્લામાં એક સારી અને સુસજ્જ આયુર્વેદિક હોસ્પિટલો શરૂ કરવા તેમજ ગ્રામ વિસ્તારોમાં જ્યાં જ્યાં જરૂરી લાગે ત્યાં ત્યાં આયુર્વેદિક ઔષધાલયો શરૂ કરવા આ વિધાન સભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. ચર્ચા બાદ, સંકલ્પ ગૃહની પરવાનગીથી પાછો ખેંચી લેવામાં આવ્યો.

૬. વિ. સ. સ., શ્રી શામળભાઇ લ. પટેલે સંકલ્પ રજૂ કર્યો કે રાજ્યમાં માર્કેટ યાર્ડોમાં ખેડૂતો અનાજ, તમાકું, તેલીબિયા, કપાસ, કાલાં, શાકભાજી વિ. વેચવા માટે લાવે ત્યારે તેમને ૨૦ કિલો માલ પેટે એક મણના જ પૈસાની ચૂકવણીથી છેતરવાનો ભય ઉભો ન થાય તેથી તોલ માટે અઢાર કિલોનો યુનિટ કરાવવા યોગ્ય પગલાં લેવાં આ વિધાન સભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. ચર્ચા બાદ, સંકલ્પ સભાગૃહ સમક્ષ મૂકવામાં આવ્યો અને તે નામંજૂર થયો.

૭. વિ. સ. સ., યુવરાજ શ્રી મનોહર સિંહજી પ્ર. જાડેજાએ સંકલ્પ રજૂ કર્યો કે સૌરાષ્ટ્રના ઔદ્યોગિક વિકાસ માટે બ્રોડગેજ રેલ્વેથી સૌરાષ્ટ્રના અગત્યના શહેરોને જોડવાની જરૂરત હોઇને તે દિશામાં અસરકારક રજૂઆત કરવા એક ઉચ્ચ કક્ષાનું પ્રતિનિધિ મંડળ કેન્દ્ર સરકાર પાસે મોકલવા આ વિધાન સભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. ચર્ચા બાદ સંકલ્પની તરફેણમાં ૧૫ અને વિરૂધ્ધમાં ૬૩ મતો પડતાં સંકલ્પ નામંજૂર થયો.

### શુક્રવાર, ૨૮મી ઓગસ્ટ, ૧૯૬૪

૧. ત્રીજી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૬૪૮૪, ૬૭૯૬, ૬૯૬૩, ૭૧૭૫, ૭૮૮, ૭૬૯(છેલ્લા બે સાથે), ૭૪૪૬, ૩૦૪૬, ૪૫૪૯ ૪૭૬૫, ૪૯૧૧, ૫૧૮૫, ૫૪૮૪, ૫૭૩૦, ૬૪૯૨,૪૭૯૮ (છેલ્લા આઠ સાથે), ૪૮૯૬, ૬૭૯૨, ૭૦૪૭, ૭૫૮૦, ૭૧૭૯, ૭૧૭૫, ૭૨૬૨, ૭૧૯૦, અને ૭૩૧૦ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૭૧૭૦, ૬૩૬૯, ૪૯૩૪, ૭૧૩૯ અને ૭૦૦૧ અતારાંકિત ગણવામાં આવ્યાં

૨. નાયબ નાણાં મંત્રીશ્રીએ સને ૧૯૬૪-૬૫ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક રજૂ કર્યું. અધ્યક્ષશ્રીએ કાયદાદરખાસ્ત સાદર કરવાનો કાર્યક્રમ જાહેર કર્યો.

૩. વિશેષાધિકાર સમિતિના પાંચમાં અને છઠ્ઠા અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

૪. નીચે જણાવેલા બિન-સરકારી વિધેયકોના પ્રભારી સભ્યોને વિધેયકો દાખલ કરવાની રજા આપવામાં આવી અને વિધેયકો દાખલ કરવામાં આવ્યાં.

(૧) મુંબઈનું જમીન મહેસૂલ (સંશોધન) વિધેયક.(પ્રભારી સભ્ય શ્રી છબીલદાસ પ્રા. મહેતા).

(૨) ભારતના ફોજદારી કાયદા બાબતનું (ગુજરાત સંશોધન) વિધેયક. (પ્રભારી સભ્ય શ્રી બ્રહ્મકુમાર ૨. ભટ્ટ).

(૩) મુંબઈ વેચાણવેરા (ગુજરાત સંશોધન) વિધેયક. (પ્રભારી સભ્ય શ્રી પ્રતાપરાય તા. શાહ).

(૪) જમીન સંપાદન (ગુજરાત સંશોધન) વિધેયક. (પ્રભારી સભ્ય શ્રી છબીલદાસ પ્રા. મહેતા.

(૫) મુંબઈ વેચાણવેરા (ગુજરાત સંશોધન) વિધેયક. (પ્રભારી સભ્ય શ્રી છબીલદાસ પ્રા. મહેતા).

૫. વિ. સ. સ., શ્રી ગંગારામ ચુ. રાવલે નીચે મુજબના બિન-સરકારી વિધેયકના પહેલા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

(૧) મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન બાબતનો અધિનિયમ વધુ સુધારવા બાબતનું વિધેયક.

પહેલા વાચન અંગેની ચર્ચા થઈ, ત્યારબાદ ગૃહની પરવાનગીથી વિધેયક ખેંચી લેવામાં આવ્યું.

૬. સન ૧૯૬૪નું વિધેયક ક્રમાંક ૧૭મું રજૂ કરવામાં આવ્યું નહીં.

### સોમવાર, ૧લી સપ્ટેમ્બર, ૧૯૬૪.

૧. સુધરાઈઓ માટેના મંત્રીશ્રીએ સન ૧૯૬૩ના વિધેયક ક્રમાંક--૮૪--સન ૧૯૬૩ના ગુજરાત નગરપાલિકા વિધેયક પરની પ્રવર સમિતિનો અહેવાલ રજૂ કર્યો.

૨. મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાત રાજ્ય સેવા કમિશનના સન ૧૯૬૧-૬૨ અને ૧૯૬૨-૬૩ ના અહેવાલો અને કમિશનની સલાહ જે કિસ્સાઓમાં સ્વીકારવામાં આવી નથી તે કિસ્સાઓમાં તે ન સ્વીકારવા માટેના કારણો દર્શાવતી યાદી સભાગૃહના મેજ ઉપર મૂકયાં.

૩. કૃષિ મંત્રીશ્રીએ પારડી તાલુકાની ઘાસિયા જમીન ભૂમિહીન ખેડૂતો સહકારી ખેત મંડળોને આપવા અંગેની જાહેરાત કરી.

૪. અધ્યક્ષશ્રીએ, અવિશ્વાસની દરખાસ્ત પરની ચર્ચાના દિવસો દરમિયાન પ્રશ્નોત્તરી ન રાખવી તે માટે સભાગૃહની મંજૂરી માગી, સભાગૃહે મંજૂરી આપી.

૫. વિ. સ. સ., શ્રી નારણદાસ પી. પોપટે પારડી તાલુકાની ઘાસિયા જમીન અંગે કૃષિ મંત્રીશ્રી તરફથી જે જાહેરાત કરવામાં આવી હતી તે અંગેનો પોઈન્ટ ઓફ ઓર્ડર રજુ કર્યો. અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીને તે બાબતમાં વિગતો આપવા જણાવ્યું.

૬. વિરોધ પક્ષના નેતાશ્રીએ હાલના મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યકત કરતો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તાવ પર ચર્ચા શરૂ થઈ અને ચર્ચા અધૂરી રહી.

બુધવાર, ૨જી સપ્ટેમ્બર, ૧૯૬૪.

૧. મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યકત કરતી દરખાસ્ત અંગેની ચર્ચા બીજે દિવસે ચાલુ રહી અને તે અધૂરી રહી.

ગુરૂવાર, ૩જી સપ્ટેમ્બર, ૧૯૬૪.

૧. ચોથી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૪૯૧૨, ૬૬૩૮, ૬૭૨૬, ૬૯૨૫, ૭૧૬૦ (છેલ્લા બે સાથે), ૬૨૯૩, ૭૫૪૩, ૩૮૫૩, ૬૯૮૨, ૭૫૫૮, ૬૦૦૨, ૫૯૨૧, ૭૪૧૩, ૬૭૫૩, ૬૮૧૭, ૭૨૩૫, ૭૫૩૬, ૭૫૫૫, ૬૬૯૮, ૬૯૨૬ ,૭૧૬૧ (છેલ્લા બે સાથે ), ૭૫૪૫, ૬૩૩૩, ૭૨૬૪, ૬૯૧૪, ૭૩૧૯, ૭૧૯૯, ૭૩૮૩, અને ૭૫૬૬ના જવાબ આપવામાં આવ્યાં.

ગેરહાજર રહેલા સભ્યશ્રીનો પ્રશ્ન ક્રમાંક ૭૨૩૮ અતારાંકિત ગણવામાં આવ્યો.

બીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. મંત્રી મંડળમાં અવિશ્વાસની દરખાસ્ત પરની ચર્ચા ત્રીજે અને છેલ્લે દિવસે ચાલુ રહી. ચર્ચાનો જવાબ પુરવઠા મંત્રીશ્રી તેમજ મુખ્ય મંત્રીશ્રીએ આપ્યો. અવિશ્વાસનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ મત માટે મૂકવામાં આવ્યો. પ્રસ્તાવની તરફેણમાં ૩૦ અને વિરૂધ્ધમાં ૯૮ મતો નોંધાયા હોવાથી પ્રસ્તાવ નામંજૂર થયો.

૩. કૃષિ મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ભાવનગર પબ્લિક ડેરીનું સન ૧૯૬૨-૬૩નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. કામકાજ પરની ચર્ચા શરૂ થઈ. ચર્ચાનો જવાબ કૃષિ મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

શુક્રવાર, ૪થી સપ્ટેમ્બર, ૧૯૬૪.

૧. પાંચમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૪૬૫૯, ૩૫૮૧, (છેલ્લા બે સાથે), ૭૨૦૯, ૬૪૭૨, ૫૫૫૦, ૭૧૪૪, ૬૮૦૮, ૭૪૦૪, ૭૫૬૬, ૭૫૧૧, ૭૪૫૯, ૭૪૮૬, ૬૦૩૨, ૩૯૨૬, ૭૧૮૨, ૭૩૨૪, ૬૬૯૫, ૬૮૧૩, ૭૫૭૧, ૭૯૬૫, ૭૩૪૮, ૬૭૧૯, ૬૭૬૭, ૭૪૨૪ અને ૭૬૫૨ના જવાબ આપવામાં આવ્યાં.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૪૩૨૦, ૫૭૮૦, ૭૬૪૯, ૫૭૧૦ અને ૭૦૫૪ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાત વિદ્યુત મંડળનો ૧૯૬૨-૬૩નો - પ્રશાસકિય અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકયો.

૩. મુખ્ય મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના સન ૧૯૬૧-૬૨ અને ૧૯૬૨-૬૩ના અહેવાલો અને કમિશનની સલાહ જે કિસ્સાઓમાં સ્વીકારવામાં આવી નથી તે કિસ્સાઓમાં ન સ્વીકારવા માટેના કારણો દર્શાવતા યાદી વિચારણામાં લેવામાં આવે. ચર્ચા શરૂ થઈ. ચર્ચાનો જવાબ મુખ્ય મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૪. નિયમ ૮૩ અન્વયે, વિ. સ. સ., યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ સૌરાષ્ટ્રમાં

ગામતળમાં ભેળવવામાં આવેલ જમીનોના કબજા બાબતની વિષય પરની અર્ધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરી. ચર્ચાનો જવાબ નાયબ મહેસૂલ મંત્રીશ્રીએ આપ્યો.

સોમવાર, ૭મી સપ્ટેમ્બર, ૧૯૬૪.

૧. છઠ્ઠી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૮૨૦૫, ૪૩૩૩, ૬૬૯૦, ૬૮૪૬, ૭૦૨૬, ૩૬૩૮, ૫૦૦૭, ૭૪૩૩ (છેલ્લા બે સાથે), ૭૧૪૫, ૭૪૫૨, ૩૪૨૮, ૩૪૦૭, (છેલ્લા બે સાથે), ૬૯૬૯, ૫૭૮૮, ૭૩૫૫, ૬૫૭૭, ૫૪૬૪, ૫૪૩૫, ૭૬૭૨, ૬૬૯૬, ૬૭૫૧, ૭૭૨૨, ૭૦૫૦, ૭૧૫૩, ૭૧૬૩, ૭૬૪૭, ૭૪૮૨ અને ૩૫૧૪ના જવાબ આપવામાં આવ્યાં.

ગેરહાજર રહેલા સભ્યનો પ્રશ્ન ક્રમાંક ૭૫૦૭ અતારાંકિત ગણવામાં આવ્યો.

પ્રશ્ન ક્રમાંક ૬૫૬૫ મુલતવી રાખવામાં આવ્યો.

૨. નાગરિક પૂરવઠા મંત્રીશ્રીએ નિવેદન કર્યું કે મગફળીના તેલની નિકાસ અંગેના હુકમ નવા પાકને લાગુ પડશે નહિ.

૩. અંદાજ સમિતિના સાતમા અને આઠમા અહેવાલો રજૂ કરવામા આવ્યા.

૪. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનનો સન ૧૯૬૨-૬૩નો વહીવટી અહેવાલ, સન ૧૯૬૨-૬૩ના વાર્ષિક હિસાબો અને તે પરનો ઓડિટ અહેવાલ તેમજ સન ૧૯૬૩-૬૪ના સુધારેલા અંદાજ અને સન ૧૯૬૪--૬૫ના અંદાજ વિધાનસભાના મેજ ઉપર મૂકાયા.

૫. પશ્ચિમ રેલ્વે ટાઈમ ટેબલ કમિટિ ઉપર શ્રીમતી વસંતબેન જ. શાહની ચૂંટણીના પરિણામની જાહેરાત કરવામાં આવી.

૬. રાજ્યના બંદરો બાબતની સલાહકાર સમિતિ ઉપર શ્રી ઈશ્વરલાલ ગુ. દેસાઈની ચૂંટણીના પરિણામની જાહેરાત કરવામાં આવી.

૭. નાયબ નાણાં મંત્રીશ્રીએ પૂરક માગણીઓ અંગેની રાજ્યપાલશ્રીની ભલામણો વાંચી સંભળાવી. પૂરક માગણીઓ પર ચર્ચા શરૂ થતા પહેલા અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ પરની ચર્ચાની મર્યાદા વિષે ગૃહમાં ખુલાસો કર્યો. હિસાબના મુખ્ય સદર "૨૧ ન્યાયતંત્રનો વહીવટ," "૨૩--પોલીસ", "૩૯--પરચૂરણ સામાજિક અને વિકાસલક્ષી સંઘટનો", ૧૦-રાજ્ય આબકારી જકાત" અને "૨૮--શિક્ષણ", અન્વયેની પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી. એક કાપદરખાસ્ત રજ કરવામાં આવી નહિ. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન શરૂ થયું. સદરહુ માગણીઓ મંજૂર કરવામાં આવી.

મંગળવાર, ૮મી સપ્ટેમ્બર, ૧૯૬૪.

૧. સાતમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૭૩૬૨, ૭૦૬૮, ૧૦૯૬, ૭૫૨૩, ૪૯૭૬, ૫૯૯૮, ૫૧૧૯, ૬૬૦૬, ૬૮૨૨, ૭૦૪૫, ૬૭૩૮, ૧૪૯૮, ૭૬૩૧, ૬૮૦૧, ૭૫૨૪, ૬૭૦૧, ૭૯૨૦, ૭૭૭૬, ૬૮૦૨, ૭૬૦૧, ૬૯૧૦, ૮૧૭૦, ૭૩૧૬, ૭૩૬૬ (છેલ્લા બે સાથે) ૭૩૨૦, ૭૫૫૧ અને ૭૮૬૧, ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૬૫૨૬, ૭૦૨૯ તેમજ ૭૯૫૨ અતારાંકિત ગણવામાં આવ્યા.

ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક ૯૧૬૯ તેમજ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૮૫૪૩ મુલતવી રાખવામાં આવ્યા.

૨. વિ. સ. સ., શ્રી રમણલાલ ના. પટેલ, શ્રી જશભાઈ ચુ. પટેલ તેમજ શ્રી મગનભાઈ વાં. પટેલે, નિયમ ૯૪ અન્વયે, ચાલુ સાલે જૂન માસમાં ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારમાં દરિયાઈ તોફાન અને વાવાઝોડાથી થયેલી જાનહાની અને નુકશાન અને તે અંગે રાજ્ય સરકારે લીધેલાં રાહતનાં પગલા તરફ મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. નાયબ મહેસૂલ મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૩. સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

૪. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન બીજા દિવસે અને છેલ્લા દિવસે ચાલુ રહ્યું. હિસાબના મુખ્ય સદર "૧૯--સામાન્ય/વહીવટ", "૨૬--પરચૂરણ વિભાગો," "૩૦-લોક-સ્વાસ્થ્ય," "૫૦--જાહેરકામો" અને "૧૦૩--જાહેર કામો" પર ખર્ચેલી મૂડી અંગેની માગણીઓ રજૂ કરવામાં આવી. ચર્ચા બાદ માગણીઓ મંજૂર કરવામાં આવી.

૫. ૪--૦૦ વાગે બાકીની બધી પૂરક માગણીઓ સભાગૃહ સમક્ષ મૂકવામાં આવી અને કંઈપણ ચર્ચા વગર મંજૂર કરવામાં આવી.

૬. આરોગ્ય મંત્રીશ્રીએ ધર્માદા સંસ્થાના મકાનોના ભાડાં પચાસ ટકા સુધી વધારવાના હુકમ સરકારે બહાર પાડયા હતા તે હુકમ પાછા ખેંચી લેવાની જાહેરાત કરી.

૭. સમિતિના સભ્ય, શ્રી જશભાઈ ચુ. પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે વિશેષાધિકાર સમિતિનો પાંચમો અહેવાલ વિચારણામાં લેવામાં આવે અને તે સ્વીકારવામાં આવ્યો.

૮. સમિતિના સભ્ય, શ્રી જશભાઈ ચુ. પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહવિશેષા-ધિકાર સમિતિના પાંચમા અહેવાલ સાથે સંમત થાય છે. અહેવાલ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ શ્રી જશભાઈ ચુ. પટેલે આપ્યો. ત્યારબાદ સદરહુ પ્રસ્તાવ ગૃહ સમક્ષ મૂકવામાં આવ્યો અને તે મંજૂર થયો.

૯. સમિતિના સભ્ય, શ્રી જશભાઈ ચુ. પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે વિશેષાધિકાર સમિતિનો છઠ્ઠો અહેવાલ વિચારણામાં લેવામાં આવે અને તે સ્વીકારવામાં આવ્યો.

૧૦. સમિતિના સભ્ય, શ્રી જશભાઈ ચુ. પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ વિશેષાધિકાર સમિતિના છઠ્ઠા અહેવાલ સાથે સંમત થાય અને તે સ્વીકારવામાં આવ્યો.

### સોમવાર, ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૬૪.

૧. તા. ૮-૯-૬૪ના રોજ સભાગૃહમાં મુલતવી રાખવામાં આવેલ ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૯૧૬૯, તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૮૫૪૩ તેમજ આઠમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૭૩૩૮, ૬૧૪૫, ૮૨૧૧, ૬૮૫૭, ૭૬૪૦, ૫૮૯૦, ૭૨૩૨, ૭૯૫૦, ૭૬૪૮, ૭૯૫૬, ૫૮૩૯, ૬૮૫૬, ૭૫૬૭, ૮૨૯૫, ૭૩૫૪, ૭૩૮૪, ૭૪૧૬, ૭૮૧૬, ૭૪૭૦, ૭૪૬૮, ૭૭૯૫, ૮૧૫૪ અને ૮૧૬૩ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૭૯૬૭, ૬૯૪૦, ૭૨૬૧, ૭૫૪૧, ૭૯૬૮, ૭૭૧૮ અને ૮૦૪૯ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. ગુજરાત રાજ્ય હસ્તકના વાણિજ્યિક સંસ્થાઓના શેરોનું અને તે ઉપર મેળવેલી ડિવિડન્ડની રકમ, તા. ૧-૫-૧૯૬૦થી તા. ૩૧-૩-૧૯૬૪ સુધીનું વિવરણ પત્રક સભાગૃહના મેજ ઉપર મુકાયું.

૩. નીચે જણાવેલું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું :

(૧) સન ૧૯૬૪નું ગુજરાત (બીજો પૂરક) વિનિયોગ વિધેયક (સન ૧૯૬૪નું ૨૫મું.)

૪. વિ. સ. સ., શ્રી બ્રહ્મકુમાર ૨. ભટ્ટે સંવિધાનના અનુચ્છેદ ૨૫૨ અન્વયે, અંગ્રેજીના શિક્ષણ અંગેનો પ્રસ્તાવ રજ કર્યો. પ્રસ્તાવ પર ચર્ચા થઇ. પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ મુકાતા તરફેણમાં ૨૪ અને વિરૂધ્ધમાં ૮૪ મતો પડતાં પ્રસ્તાવ નામંજૂર કરવામાં આવ્યો.

## મંગળવાર, ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૬૪

૧. નવમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૬૭૦૨, ૮૨૩૦, ૬૩૪૧, ૭૪૧૨, ૬૮૯૫, ૬૯૫૯, ૭૨૧૮, ૭૨૮૫, ૭૬૨૫, ૬૪૦૮, ૭૬૬૪, ૭૯૫૭, ૪૨૬૭, ૭૯૧૯, ૬૨૮૬, ૭૨૫૫, ૮૩૯૯, ૮૨૪૨, ૭૭૫૬, ૬૯૫૫, ૭૭૫૬, ૭૭૬૪, ૮૦૭૨ અને ૮૦૭૫ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૭૨૯૬, ૬૮૭૦, ૬૩૧૯, ૬૭૭૦, ૭૮૯૨, ૭૪૩૧ તેમજ તા. ૭મી માર્ચ, ૧૯૬૪ના રોજ મુલત્વી રહેલો તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૭૧૮૯ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. મુખ્ય મંત્રીશ્રીએ તા. ૨૮ મી ઓગસ્ટ, ૧૯૬૪ સુધી આકસ્મિક ખર્ચ નિધિમાંથી મંજૂર થયેલ પેશગીઓ જેના માટે સન ૧૯૬૪-૬૫ના ખર્ચના પૂરક પત્રકમાં કોઇ પૂરક માગણીઓ સામેલ કરી નથી, તેવી પેશગીઓ દર્શાવતું વિવરણ પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂકયું.

૩. વિ. સ. સ., શ્રી કમળાશંકર મૂ. પંડિતે સંકલ્પ રજૂ કર્યો કે સન ૧૯૪૮ના મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીન બાબતના અધિનિયમ અન્વયે, જમીન માલિકોની જમીનો ગણોતિયાઓને કિંમત ઠરાવી હપ્તા મુકરર કરી આપી દેવામાં આવી છે. હવે આવી જમીનો ધરાવતા ગણોતિયાઓ પૈકી કેટલાક, જમીન માલિકોને નિયમિત હપ્તા ચૂકવતા નથી. પરિણામે જે તે જમીન માલિકો ભીંસમાં મુકાયા છે. આ પરિસ્થિતિના નિવારણ માટે આવા કિસ્સાઓમાં બાકી હપ્તાની રકમ એકી સાથે રાજ્ય સરકારે અગર તો લેન્ડ મોર્ટગેજ બેન્ક દ્વારા ચૂકવીને તે જેના તેનાથી વસૂલ લેવાની વહેલી તકે જોગવાઇ કરવા આ વિધાન સભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. ચર્ચા બાદ સંકલ્પ પાછો ખેંચી લેવાની તરફેણમાં ૮૦ અને વિરૂધ્ધમાં ૨૦ મતો પડતા સંકલ્પ પાછો ખેંચી લેવાયો.

૪. વિ. સ. સ., શ્રી ગુલાબભાઇ ભૂ. પટેલનો સંકલ્પ ક્રમાંક ૧૨૬ તેમની ગેરહાજરીને કારણે ચર્ચા માટે લઇ શકાયો નહિ.

૫. વિ. સ. સ., યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ સંકલ્પ રજૂ કર્યો કે સન ૧૯૬૦ના ગુજરાત રાજ્ય સેવા કમિશન (પરામર્શ) વિનિયમો સાથે જોડેલ અનુસૂચિમાં દર્શાવેલ

જગ્યાઓમાંની ઘણી ખરી જગ્યાઓ માટે કમિશન જોડે (પરામર્શ) જરૂરી છે તેમ આ સભાગૃહ માને છે અને તેથી ઉકત વિનિયમોનું પુનરાવલોકન કરવાની આ વિધાન સભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. ચર્ચા બાદ, સંકલ્પ ગૃહ સમક્ષ મત માટે મૂકવામાં આવ્યો અને તે નામંજૂર થયો.

૬. વિ. સ. સ., શ્રી નરભેશંકર ના. પાણેરીએ સંકલ્પ રજૂ કર્યો કે રાજ્યમાં સિચાઈની પૂરતી સગવડ ન હોવાથી ખેડૂતોને પાક ઉત્પાદન માટે વરસાદ ઉપર આધાર રાખવો પડે છે. ઘણી વખત સમયસર વરસાદ ન થવાથી ખેડૂતોને કુદરતની અનિશ્ચિતતાનો ભોગ બનવું પડે છે અને પાક નિષ્ફળ જતાં આર્થિક મુશ્કેલીઓ સહન કરવી પડે છે. આ સંજોગોમાં ખેડૂતોને આ થિક રીતે રક્ષણ મળે તેમજ તેમને ખેતી ઉત્પાદનમાં પ્રોત્સાહન મળે તે દૃષ્ટિએ પ્રથમ પગલાં તરીકે અનાજના વાવેતર માટે "પાક સંરક્ષણ વિમા યોજના" શરૂ કરવા માટે યોગ્ય પગલાં લેવાં આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. ચર્ચા બાદ સંકલ્પ ગૃહની સંમતિથી પાછો ખેંચી લેવાયો.

૭. વિ. સ. સ., શ્રી વીરસિંહભાઈ જ્યો. ભાભોરે સંકલ્પ રજૂ કર્યો કે ઉચ્ચ શિક્ષણ લેતા પછાત વર્ગના બાળકોને બિન-સરકારી કોલેજોમાં પ્રવેશ મેળવતી વખતે, તેઓ મફત છાત્ર વૃત્તિઓ મેળવવા પાત્ર હોવા છતાં શરૂઆતમાં ફી ભરવી પડે છે, જે પાછળથી પરત કરવામાં આવે છે. આવા વિદ્યાર્થીઓના ગરીબ વાલીઓ પાસે નાણાંની પૂરતી જોગવાઈ ન હોવાથી ઘણા વિદ્યાર્થીઓને એડમિશન મળતું નથી. આવા સંજોગોમાં આવા વિદ્યાર્થીઓને એડમિશન મેળવતી વખતે ફી ભરવી ન પડે અથવા તો ફીની જરૂરિયાત જેટલી રકમ કામચલાઉ એડવાન્સ તરીકે તેમને મળી રહે તેવી વ્યવસ્થા કરવા આ વિધાન સભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. ચર્ચા બાદ સંકલ્પ પાછો ખેંચી લેવાની તરફેણમાં ૫૨ અને વિરૂધ્ધમાં ૬ મતો પડતા સંકલ્પ પાછો ખેંચી લેવાયો.

## બુધવાર, ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૬૪

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૯૧૪૨ તેમજ દસમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૭૫૨૬, ૭૭૬૭, ૮૨૩૧, ૭૪૩૦, ૭૬૭૦, ૭૮૭૦, ૮૩૧૪, ૮૦૨૭, ૭૯૧૨, ૮૨૫૧, ૬૦૫૩, ૭૯૧૪, ૭૨૭૭, ૮૨૬૨, ૮૧૭૬, ૮૩૮૩, ૮૪૩૦, ૭૯૦૮, ૮૩૨૮, ૭૨૨૧, ૮૪૪૮, ૬૦૮૦, ૮૧૭૮, ૮૪૭૧, ૮૪૭૨ અને ૭૬૬૭ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૭૬૮૬, ૩૩૯૫, ૪૬૨૭ અને ૮૫૧૧ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. વિ.સ.સ., યુવરાજશ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ નિયમ ૯૪ અન્વયે, સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠની કોલેજોના વિદ્યાર્થીઓની હડતાલ દરમિયાન તા. ૧૧મી ઓગસ્ટ, ૧૯૬૪ના રોજ કેટલાક વિદ્યાર્થીઓએ પીકેટીંગ કરતાં એક હજાર જેટલા પોલીસદળની વિદ્યાનગરમાં હાજરી, વિદ્યાર્થીઓની કરવામાં આવેલી ધરપકડો અને તેઓના ઉપર કરવામાં આવેલ લાઠીચાર્જ અને અશ્રુવાયુનો ઉપયોગ જેવા પગલાંઓની જરૂરિયાત તરફ ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. નાયબ ગૃહ મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૩. નાયબ નાણાં મંત્રીશ્રીએ તા. ૨૯-૨-૧૯૬૪થી તા. ૧૫-૮-૧૯૬૪ સુધીમાં ગુજરાત સરકારે આપેલી બાંહેધરીઓની વિગત દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૪. પ્રવર સમિતિએ અહેવાલ આપ્યા પ્રમાણે સન ૧૯૬૩ના ગુજરાત નગરપાલિકા વિધેયક (સન ૧૯૬૩ના ૮૪માં)ના બીજા વાચનનો પ્રસ્તાવ પ્રભારી મંત્રીશ્રીએ રજૂ કર્યો અને રાજ્યપાલશ્રીની ભલામણો વાંચી સંભળાવી. ત્યારબાદ પ્રવર સમિતિના અહેવાલને અનુલક્ષીને ચર્ચા શરૂ થઈ. ચર્ચા અધૂરી રહી.

૫. વિ. સ. સ., શ્રી દિવ્યકાન્ત કું. નાણાવટીએ પ્રશ્નોત્તરીના સમય દરમિયાન ઉઠાવેલા પોઈન્ટ ઓફ ઓર્ડરનો અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે સભ્ય શ્રી નરભેશંકર ના. પાણેરીએ સરકાર અંગે વાપરેલા અમુક વાંધાજનક શબ્દો કાર્યવાહીમાંથી કાઢી નાખવામાં આવે.

## ગુરૂવાર, ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૬૪

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૯૦૯૪, ૯૧૩૬, ૯૧૩૯ તથા અગિયારમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૫૨૨૬, ૭૧૩૦, ૭૨૩૩, ૮૧૪૯, ૭૪૯૦, ૮૪૫૫, ૭૦૩૫, ૬૭૦૯, ૭૫૯૫, ૭૮૩૯, ૭૯૯૭, ૮૪૬૮, ૬૬૯૯, ૫૩૫૨, ૭૮૦૯, ૮૨૫૫, ૮૩૧૨, ૮૫૬૫, ૭૪૫૪, ૭૫૫૨, ૭૬૬૯, ૮૨૧૪, ૮૪૪૯ અને ૮૭૦૨ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૭૭૮૮, ૭૯૬૧, ૮૩૩૫, ૭૨૦૬, ૮૪૦૯ ૭૮૦૨ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. વિ. સ. સ., ઉત્તમભાઈ હ. પટેલે સુરત જિલ્લાના વિભાજન બાદ નવા વલસાડ જિલ્લાની રચના થતાં બન્ને જિલ્લાઓ વચ્ચે પૈસા વિ. મિલ્કતોની વહેંચણી હજુ સુધી થઈ ન હોવાથી નવા વલસાડ જિલ્લાના ખોરંભે પડેલા વિકાસ કાર્યો તથા પૂરાં થયેલા કામોના ન ચૂકવાયેલા નાણાં અને આ પરિસ્થિતિ નિવારવા રાજ્ય સરકારે લીધેલાં તાકીદનાં પગલાં તરફ પંચાયત મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. પંચાયત મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું

૩. તા. ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૬૪ના રોજ ઉઠાવવામાં આવેલા પોઈન્ટ ઓફ ઓર્ડરનો અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે પ્રવર સમિતિના સભ્યો ચર્ચામાં ભાગ લઈ શકે છે અને જે સભ્યોએ ભિન્ન મતની નોંધ મૂકી હોય તેઓ તે અંગે ચર્ચા કરી શકે છે.

૪. પ્રવર સમિતિએ અહેવાલ આપ્યા પ્રમાણે સન ૧૯૬૩ના ગુજરાત નગરપાલિકા વિધેયક (સન ૧૯૬૩ના ૮૪માં) પરની બીજા વાચનની અધૂરી રહેલી ચર્ચા ફરી શરૂ થઈ. મંત્રીશ્રીએ ચર્ચાનો જવાબ આપ્યો. ત્યારબાદ બીજા વાચનનો પ્રસ્તાવ સભાગૃહે મંજૂર કર્યો.

ઉપરોકત વિધેયકની ચર્ચા દરમિયાન વિ. સ. સ., યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત નગરપાલિકા વિધેયકની વિચારણા અચોક્કસ મુદત સુધી મુલતવી રાખવામાં આવે. પ્રસ્તાવની તરફેણમાં ૨૯ અને વિરૂધ્ધમાં ૭૮ મતો પડતાં પ્રસ્તાવ નામંજૂર થયો.

## શુક્રવાર, ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૬૪

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૯૧૫૨ તેમજ બારમી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૭૫૧૬, ૭૯૭૪, ૮૪૨૫, ૭૯૬૩, ૫૪૦૭, ૭૨૭૧, ૭૨૫૧, ૭૮૫૧, ૭૫૮૨, ૮૧૨૫, ૮૩૦૮, ૪, ૧૧૭૧, ૭૩૦૧, ૫૭૦૯, ૮૦૩૩, ૭૭૬૦, ૮૨૦૯, ૬૭૭૯, ૭૪૪૯, ૭૭૦૩, ૬૮૨૭, ૭૯૨૭, ૮૨૯૪ના જવાબ આપવામાં આવ્યાં.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૫૮૦૪, ૭૧૯૩, ૭૦૧૭, ૭૯૫૫, ૭૮૭૪, ૭૧૭૭ અતારાંકિત ગણવામાં આવ્યાં.

પ્રશ્ન ક્રમાંક ૭૯૩૨ મુલતવી રાખવામાં આવ્યો.

અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે પ્રશ્નો ક્રમાંક ૩૧ થી ૭૦ સોમવાર, તા. ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૬૪ના રોજ લેવામાં આવશે.

૨. વિ. સ. સ., યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ (નિયમ ૯૪ અન્વયે) ગુજરાત રાજ્યમાં બેકરીવાળાઓને મેંદો ન મળવાને કારણે તેમના ધંધા પર પડેલી પ્રતિકૂળ અસર અને તે નિવારવા રાજ્ય સરકારે લીધેલાં તાકીદના પગલાં તરફ નાગરિક પુરવઠા મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. નાયબ નાગરિક પુરવઠા મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૩. અંદાજ સમિતિના પ્રમુખશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે અંદાજ સમિતિનો સાતમો અહેવાલ વિચારણામાં લેવામાં આવે. અહેવાલ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ સંસદીય સચિવશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૪. અંદાજ સમિતિના પ્રમુખશ્રીએ તથા નાયબ ઉદ્યોગ મંત્રીશ્રીએ અનુક્રમે એવા પ્રસ્તાવો રજૂ કર્યા કે અંદાજ સમિતિનો આઠમો અહેવાલ તથા ગુજરાત વિદ્યુત મંડળનું સન ૧૯૬૪-૬૫નું વાર્ષિક નાણાંકીય વિવરણપત્રક વિચારણામાં લેવામાં આવે. બન્ને પ્રસ્તાવો પર એક સાથે ચર્ચા શરૂ થઈ. ચર્ચાનો જવાબ નાયબ ઉદ્યોગ મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

## સોમવાર, ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૬૪

